અપીલ અરજી નં.૩૨૧ તા.૪–૧૦–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૦–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બાપુજી મેન્સન,સૈયદપુરા પેટ્રોલપંપની લાઈનમાં મારૂક ચીકન શોપ જીવતી મરઘીને કાપીને વેચવાનું કાર્ય ચાલે છે જે અંગેની નોંધણી નંબર ગુમાસ્તા, આરોગ્ય અને વ્યવસાયવેરાની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૧/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૦–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) બાપુજી મેન્સન,સૈયદપુરા પેટ્રોલ પંપની લાઈનમાં મારૂક ચીકન શોપ જીવતી મરઘીને કાપીને વેચવાનું કાર્ય ચાલે છે જે અંગેની નોંધણી નંબર ગુમાસ્તા, આરોગ્ય અને વ્યવસાયવેરાની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ મોકલવા પત્ર** નં.આરટીઆઈ સેલ /૯૩૪ તા.૧૪–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી બાપુજી મેન્સન,સૈયદપુરા પેટ્રોલપંપની લાઈનમાં મારૂક ચીકન શોપ જીવતી મરઘીને કાપીને વેચવાનું કાર્ય ચાલે છે તેનાગુમાસ્તા, આરોગ્ય અને વ્યવસાયવેરાના લાયસન્સો અંગેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૮૫૨ તા.૨૩–૮–૧૧ થી આરોગ્ય અધિકારીશ્રીને નિયત સમય અવધિમાં મોકલવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) બાપુજી મેન્સન, સૈયદપુરા પેટ્રોલપંપની લાઈનમાં મારૂક ચીકન શોપ જીવતી મરઘીને કાપીને વેચવાનું કાર્ય ચાલે છે જે અંગેની નોંધણી નંબર ગુમાસ્તા, આરોગ્ય અને વ્યવસાયવેરાની માહિતીની નકલ. મુદ્દા નં.(૨) સદર દુકાન ચલાવવાની પરવાનગી મંજુરી આપનાર અધિકારીના નામ અને હોદ્દો સહિતની માહિતી. મુદ્દા નં.(૩) સદર મિલ્કત રહેઠાણની હોય સદર મિલ્કતનો ઉપયોગ પણ રહેઠાણ તરીકે કરવાનો હોય તો પછી આજ મિલ્કત નીચેના ગ્રાઉન્ડ ફલોર પર મારૂક ચીકન શોપ બ્રાઈટ બેકરી ઈન્ડિયા હોઝયરી જેનો કોમર્શીયલ ઉપયોગ થતો હોય જે અંગેની દંડકીય માહિતીની નકલ જે બાબતે માહિતી નહીં મળ્યાનું હોવાનું જણાવી નારાજ થઈ તા.૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી લાગત જાહેર માહિતી અધિકારીને અપીલ તબકકે પત્ર પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલી. જે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે પૂરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી ન પડાયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) ને જણાવવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા,